પરિશિષ્ટ

પેન્શનના લાભો

મુળભુત નગરપાલિકાઓમાંથી રુપાંતરીત ગ્રામ / નગર પંચાયતના કર્મચારીઓને આપવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત વિભાગ,
ઠરાવ ક્રમાંકઃનપમ/૧૦૮૩/૧૩૩૦/કા૧,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૭ ઓક્ટોબર,૧૯૮૩

-: ઠ રા વ :-

નામદાર ગુજરાત હાઈકોર્ટ સ્પે.સી.એ.નં.૩૦૯/૧૯૭૫ માં આપેલ ચૂકાદો કે જેને નામદાર સુપ્રિમ કોર્ટ ( સર્વોચ્ચ અદાલતે ) સીવીલ એપ્લીકેશન નંબર ૩૫૯/ સને ૧૯૭૮ અને રીટ પીટીશન નં.૪૨૬૬/૭૦ સને ૧૯૭૮ અન્વયે અન્વયે આપેલ ચૂકાદાથી સમર્થન કરેલ છે તેને અનુલક્ષીને ગ્રામ/ નગરપંચાયતોમાં રુપાંતરીત થયેલ મૂળભુત નગરપાલિકાઓના કર્મચારીઓને પેન્શન તથા ગ્રેજ્યુઈટીના લાભો આપવા અંગેનો પ્રશ્ન સરકારશ્રીની વિચારણા હેઠળ હતો. હાલમાં આમાંની કેટલીક રુપાંતરીત ગ્રામ / નગર પંચાયતોમાં કોન્ટ્રીબ્યુટરી પ્રોવિડન્ટ ફંડની યોજના પણ એક પ્રકારની નિવૃત્તિ લાભ જ છે. તેમ છતાં પણ તે યોજનાનો લાભ મેળવતા કર્મચારીઓ રાજ્ય સરકારની પેન્શન યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેમના માટે નીચે જણાવ્યા મુજબની કાર્યવાહી કરવાની રહે છે.

(૧) મુળભુત નગરપાલિકાના કર્મચારી જે તે રુપાંતરીત પંચાયતમાં તારીખ ૧૧/૨/૬૯ ના રોજ નોકરીમાં હોય તેવા તથા તે તારીખ બાદ નિવૃત્ત થયેલ કે મૃત્યુ પામેલ પૂર્ણકાલીન સમયના કર્મચારીઓને જ પેન્શનના લાભો મળી શકશે.

(૨) જિલ્લા અને તાલુકા પંચાયતના કર્મચારીઓ માટે પેન્શન અંગે પેન્શનપાત્ર પગાર તથા ક્વોલીફાઈંગ નોકરી જે રીતે ગણવામાં આવે છે તે જ રીતે ગણવાની રહેશે.

(૩) જો કોઈ કર્મચારી નિયત સામાન્ય નિવૃત્તિ વયબાદ નોકરીમાં ચાલુ હોય તો નિવૃત્તિ વયની તારીખ પછીનો સમય પુનઃ નિમણુંક તરીકેનો ગણવાનો રહેશે.

(૪) જો કોઈ કર્મચારીનો કેસ તેની નિવૃત્તિ સમયે પ્રવર્તમાન પેન્શન નિયમો મુજબ નિયમિત કરવામાં આવ્યો હોય,તો તેનો કેસ ફરીથી ખોલવાની જરુર રહેતી નથી.

(૫) જે કર્મચારીઓને બ્યુટરી પ્રોવિડન્ટ ફંડ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ હોય તેઓને પેન્શન યોજનાનો લાભ લેવલ કે કેમ માટે વિકલ્પ આપવાનો રહેશે. વિકલ્પ આ હુકમો બહાર પાડવાની તારીખથી છ માસની અંદર તેમણે આપવાની રહેશે. જે કર્મચારીઓ પેન્શન યોજનાનો વિકલ્પ આપશે તેમણે કોન્ટ્રીબ્યુટરી પ્રોવિડન્ટ ફંડમાંનો પંચાયતનો હિસ્સો તથા તે પરનું વ્યાજ કે જે તેમના ચાલુ ખાતા દરમ્યાન જમા થયેલ છે તે પાછુ જમા કરાવવાનુ રહેશે અને નિવૃત્ત કર્મચારીના કબજામાં જેટલા વર્ષો માટે તે રકમ રહેલ હશે તે રકમ રહેલ હશે તે રકમ ઉપર દરેક વર્ષ માટે નિયત થયેલ વ્યાજની રકમ પણ ભરવાની રહેશે. એકવાર આપવામાં આવેલ વિકલ્પ આખરી ગણવામાં આવશે.

(૬) જે કર્મચારીઓ નકકી કરવામાં આવેલ સમય મર્યાદામાં પોતાનો વિકલ્પ નહી આપે, તેઓ નિવૃતિ અંગેના જે લાભો મેળવે છે તેનાથી તેઓ સંતુષ્ટ છે. તેમ માનવામાં આવશે અને તેમને પેન્શન અંગેના લાભો મળવાપાત્ર રહેશે. નહિ.

(૭) ઉપર ( ) માં ઉલ્લેખ કરેલ કર્મચારીઓમાંથી હાલમાં પણ જે નોકરીમાં ચાલુ છે તેઓ પણ ઉપર જણાવેલ છ માસની સમય મર્યાદામાં વિકલ્પ આપી શકશે. આવા કિસ્સાઓમાં તેમના ખાતામાં જમા થયેલ પંચાયતનો હિસ્સો તથા તે પરનું વ્યાજ સરકાર ખાતે જમા કરાવવાનું રહેશે અને બાકી રહેતી રકમ તેમના સામાન્ય ભવિષ્યનીધિ ખાતામાં તબદીલ કરવાની રહેશે. ઉપર જણાવેલ છ માસની સમય મર્યાદામાં જેઓ પોતાનો વિકલ્પ ન આપે તેઓ તેમને હાલમાં મળતા નિવૃત્તિ લાભોથી સંતુષ્ટ છે તેમ માનવામાં આવશે એટલે કે તેઓ પેન્શનના લાભો મેળવવા ઈચ્છતા નથી.

(૮) જો કોઈ કર્મચારી તા. ૧૧/૨/૬૯ પછી નોકરી દરમ્યાન મૃત્યુ પામે અથવા તારીખ ૧૧/૨/૬૯ પછી નિવૃત્ત થયા બાદ મૃત્યુ પામે તેવા કિસ્સામાં જુના નિવૃત્તિ લાભો અને પેન્શન લાભો પૈકી જે વધુ ફાયદાકારક હશે તે તેના તેઓના કુટુંબ સાથે પરામર્શ તથા સમજુતી કરી તેના કુટુંબ માટે મંજૂર થઈ શકશે.

(૯) કોન્ટ્રીબ્યુટરી પ્રોવિડન્ટ ફંડના તમામ કિસ્સાઓમાં જે તે પંચાયતનો હિસ્સો તથા ઉપર ઉલ્લેખ કરેલ તે પરનું બધું પેન્શન અંગેના લાભો મેળવવા અંગેનો વિકલ્પ આપ્યાની તારીખથી ૩ માસની અંદર સરકાર ખાતે જમા કરાવવાનું રહેશે.

(૧૦) પેન્શનના લાભો નીચે આવરી લેવાયેલ તમામ કર્મચારીઓને સરકારી કર્મચારીઓના જિલ્લા અને તાલુકા પંચાયતના કર્મચારીઓને લાગુ પાડતા સામાન્ય ભવિષ્યનીધિ નિયમો નીચે આવરી લેવાના રહેશે.

(૧૧) સરકારી કર્મચારીઓને અને જિલ્લા અને તાલુકા પંચાયતના કર્મચારીઓને લાગુ પડતી સામાન્ય નિવૃત્તિ વય જ આ બધા કર્મચારીઓને લાગુ પડશે.

(૧૨) ઉપર (૧) માં ઉલ્લેખ કરેલ કર્મચારીઓના કિસ્સામાં પેન્શન અંગેના કાગળો જે તે સબંધિત રુપાંતરીત પંચાયતે તૈયાર કરી સબંધિત જિલ્લા વિકાસ અધિકારી મારફતે એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદને મોકલવાના રહેશે.

૨. ધી ગુજરાત પંચાયત સર્વીસ ( પેન્શન ) નિયમો -૧૯૭૧ તથા ધી ગુજરાત પંચાયત સર્વીસ ( સામાન્ય ભવિષ્યનિધી ) નિયમો -૧૯૭૧ માં જરુરી સુધારા અલાયદા કરવામાં આવશે.

૩. આ ઠરાવ આ વિભાગની ફાઈલ ક્રમાંકઃનપમ/૧૦૮૩/૧૩૩૦/ક. ૧૫૨ ની નાણા વિભાગની તારીખ ૨/૧૦/૮૩ ની સંમતિ બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર.એસ.આર્ય
સેકશન અધિકારી,
પંચાયત વિભાગ.

વોરા